| Innovation ID | DTP0010000002608 | Sr No : 1 |
|---|---|---|
| Innovation Title | પશુને ઘા (Wound) | |
| Category | પશુ સંવર્ધન | |
| Notebook Number | lok (૨) ૬ Dec-૧૯૯૭, Pg No. ૬ | |
| Brief | પશુને ઘા પડે ત્યારે (Wound) ગરજેટીના મૂળ, આવળ (Cassia auriculata) ના પાન, હળદર, (Curcuma longa) પાણીનો ઉપયોગ. | |
| Detail | પશુને વાગ્યુ હોય ત્યારે તેની સમયસર સારવાર ન થાય તો ઘા (Wound) અને પીડા બંને વધે છે. તેમજ પશુ બેચેન રહે છે.ઘા પર સોજો આવે છે, ક્યારેક ઘા માંથી પરૂ નીકળે છે.<br>પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના મોતાલ ગામના ખેડૂત હીરાભાઈ લાલાભાઈ વણકર પશુને ઘા (Wound) પડે ત્યારે ગરજેટીના મુળ અને આવળનોઉપયોગ કરે છે.<br>ખેડુતના જણાવ્યા મુજબ પશુવે ઘા પડે ત્યારે ૨૦૦ ગ્રામ જેટલા ગરજેટીના મૂળ અને ૧૦૦ ગ્રામ જેટલા આવળ (Cassia auriculata) ના પાન મિશ્ર કરી લસોટી તેમાં પાંચ ગ્રામ મીઠું, પાંચ ગ્રામ હળદર (Curcuma longa) અને ૨૫૦ ગ્રામ જેટલું પાણી મેળવી સાધારણ ગરમ કરીને તૈયાર થયેલ માવાને ઘા (Wound) ઉપર મૂકીને પાટો બાંધી દર ત્રણ દિવસે નવો પાટો એમ બે – ત્રણ પાટા બાંધવાથી પશુને આરામ થાય છે.<br>આ પદ્ધતિ પરંપરાગત છે.<br>(ડૉ. અંજારીઆના મત મુજબ આવળ (Cassia auriculata) અને હળદરમાં (Curcuma longa) ગ્રાહી તત્વો રહેલા છે તેમજ તેમાં સોજા રોધક અને કિટાણું નાશક તત્વો છે તેથી ઘા રુઝવવામાં ફાયદો કરે.<br>નેપ્રલેટ ડેટાબેઝમાં આવળનો ઉપયોગ ચામડીના રોગો, હાડકું ભાંગવામાં અને વાયરસ સામે પ્રતિકારક શક્તિ વગેરેમાં ઉપયોગી છે. આ ડેટાબેઝમાં હળદરના પણ ઘણાં ઉપયોગ જણાવ્યા છે.)<br><br>(આ પદ્ધતિનું પી.આઈ.સી. ઓકટોબર ૨૦૦૪માં પરષોત્તમભાઈ પટેલે ભરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે.) | |
| Method of Use | | |
| Caution | | |
| Benefit | | |
| Condition | | |
| Material Used | ગરજેટીના મૂળ, આવળના (Cassia auriculata) પાન, હળદર, (Curcuma longa)પાણી | |
| IPR Status | | |
| Keywords | ઘા, પશુ, Wound, ગરજેટી, મૂળ, આવળ, પાન , Cassia auriculata,હળદર , Curcuma longa, પંચમહાલ | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૯૪ | Member Type | Innovator | | |
|---|---|---|---|---|---|
| First Name | હીરાભાઈ | Middle Name | લાલાભાઈ | Last Name | વણકર |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. મોતાલ | | | Taluka | ગોધરા |
| District | Panchmahals | State | Gujarat | Country | India |

Biography

ઉત્તરદાતાની ઉંમર ૫૦ વર્ષની છે. તેમનાં લગ્ન થયેલ ન હોવાથી તેમના પરિવારમાં કોઈ નથી. તેઓ તેમના ભાઈ સાથે રહે છે. તેમને ૧ વીઘા જેટલી જમીન છે. તેઓ તેમાં મકાઈ, ડાંગર, તુવર, ઘઉં જેવા પાકોનું વાવેતર કરે છે. તેમને પિયતની સુવિધા નથી. તેમની પાસે પશુમાં ૧ ભેંસ છે. તેમના રહેવા માટે તેમના ભાઈના મકાનમાં રહે છે. તેમની આર્થિક પરિસ્થિતિ મધ્યમ છે.

ગામનો પરિચયઃ-
આ ગામની વસ્તી અંદાજે ૧૮૦૦ જેટલી છે. ગામમાં પંચાયત, પોસ્ટ ઓફિસ, પ્રાથમીક શાળા, આંગણવાડી, બાલવાડી, દૂધ મંડળી, કુણનદી આવેલ છે. ગામમાં ધોરણ ૧ થી ૭ સુધીની પ્રાથમી શાળા અને ધોરણ ૮થી ૧૦ સુધીની માધ્યમિક શાળા આવેલ છે. ગામમાં શિક્ષણની સુવિધા છે અને શિક્ષણનું પ્રમાણ પણ સારુ છે. ગામમાં દિવાળી, નવરાત્રી, ઉતરાયણ, હોળી જેવા ઉત્સવો ઉજવે છે. ગામમાં આંબલી, બોર, નીલગીરી, લીમડો, બાવળ જેવા વૃક્ષો આવેલ છે. ગામની જમીન કાળી માટીને છે. ગામમાં મકાઈ, ડાંગર, તુવર, ઘઉં, ચણા જેવા પાકોનું વાવેતર થાય છે. ગામમાં વણકર, બારીયા, રાજપૂત વગેરે જ્ઞાતિના લોકો વસે છે. તેઓની આવકના સાધનો ખેતી, પશુપાલન અને નોકરી કરે છે. ગામથી તાલુકાનું અંતર અંદાજે ૨૨ કિલોમીટર અને જિલ્લાનું અંતર ૨૨ કિલોમીટરનું છે. ગામમાં પાકા રસ્તા આવેલા હોવાથી વાહન-વ્યવહારની અવર-જવર ચાલુ જોવા મળે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૯૫ | Member Type | Scout | | |
|---|---|---|---|---|---|
| First Name | તૃપ્તિબહેન | Middle Name | દિનેશભાઈ | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | | | | Taluka | |
| District | | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૭૮૧ | Member Type | Verifier | | |
|---|---|---|---|---|---|
| First Name | પરષોત્તમભાઈ | Middle Name | ભારતસિંહ | Last Name | પટેલ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. આંકલી, પો. દૂધિયા (બામરોલી) | | | Taluka | દેવગઢ બારીઆ |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |